સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૧૧

પ્રખ્યાત વકીલને લડવા, દૂત મળી રહે છે!
વિકૃત અસીલને વકીલ, ધૂત મળી રહે છે!
કરાવે કળા મોરને, 'પાછળ'ની ચિંતા કર્યા વિના -
હેવાયા પીપળાને, ટેવાયેલાં ભૂત મળી રહે છે..
(બચાવમાં વિકૃત દલીલો)

હાઈકુ

કમ સે કમ,
સોગંદ ખાવામાં તો -
કામ આવશે!
(ગીતાજી નું પુસ્તક)

અડવાણીની
બીએમડબલ્યુ એ
માર્યો યુ-ટર્ન..
(કેવો અકસ્માત?!)

ચિંતન

વિદ્યાર્થી, સેવકઃ પાન્થઃ ક્ષધા આર્તો ભયકાતરઃ ।
ભંડારી, પ્રતિહારી ચ સુપ્ત સુપ્તાન્ પ્રબોધયેત ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક છે :

'વિદ્યાર્થી, સેવક, માર્ગમાં ચાલતો પથિક-(વાહનચાલક-ડ્રાઇવર) યાત્રી, મુસાફર, ભૂખથી પિડાતો અને ડરેલો વ્યક્તિ, તથા અન્ન કે ધનના ભંડારનો ચોકીયાત-દ્વારપાળ, આટલા લોકોએ પોતાનાં ફરજ-કર્તવ્ય દરમિયાન ઘૂઇ ન જવું જોઇએ - જો આ લોકો પોતાના કાર્યમાં નિષ્કાળજી દર્શાવે તો તેમને જાગૃત કરવા જોઇએ.'

- વિદ્યાર્થી-તેના અભ્યાસ સ્વાધ્યાય-કસોટી-પરીક્ષા માટે સતત 'સજાગ' રહી ઉજાગરા પણ કરવા પડે-આળશમાં સૂતો રહે તો 'નિષ્ફળ' જ રહે.
- વાહનચાલક જો ઝોલું ખાઇ જાય - બસ ચાલકે આવી બેદરકારીથી કેટલાય અકસ્માત કરી ઘણા લોકોની જીવહાનિ કરી-વાહનચાલકે જાગૃત રહેવું જોઇએ.
- યાત્રી-મુસાફર ટ્રેન-બસમાં ઊંઘી જાય તો સામાન ચોરાઇ જાય - જાગતા રહેવું જોઇએ.
- અન્ન કે ધનના ભંડારની જેને ચોકી સોંપવામાં આવી છે એવા ચોકીદાર-સીક્યુરીટી-પોલીસ જેવા લોકોએ રાત્રિ ફરજમાં બેદરમાની ન કરવી જોઇએ.

એમના પર તપાસ રાખી, જાગૃત રાખવા બધા જ પ્રયત્ન કરવા જોઇએ.

સુવિચાર

- જીવનમાં ઊભા થતા ગમે તેવા વિકટ સંજોગોને માણસ પોતે જ્યાં સુધી સમસ્યા નહીં બનાવે, ત્યાં સુધી એ સંજોગો સમસ્યા નહીં બને - **રજનીશ**
- આપણે અકારણ જીવનને રહસ્ય બનાવવાની કોશીશ ન કરીએ તો આપણને પોતાના મન ઉપર અકારણ ભાર નહીં લાગે - **ધર્મસૂત્ર**
- હું પૈસા શોધક નથી અને પૈસા મને શોધતા નથી એટલે જ હું સૌથી સુખી છું - **લાઓત્સો**
- માણસે ખુદ પોતાની 'લઘુતા' કે 'લાચારી' પરથી પોતાનાંમાં કાંઇ જ નહીં હોય એવું માની લેવાની જરૂર નથી - **એસ.ભટ્ટાચાર્ય**
- મને ગરીબ માણસની જેમ જીવવું ગમે-જો મારી પાસે પુષ્કળ પૈસા હોય તો - **પાબ્લો પિકાસો**
- જીવનમાં જે તબક્કે નાવિન્ય લાવવાની હોંશ ખતમ થઇ જાય છે, ત્યારે વિષાદને મન પ્રદેશમાં મોકળું મેદાન મળી જાય છે - **મનુસ્મૃતિ**
- ના પાડવી ન ગમે એવી વ્યક્તિ કંઇક માંગે અને એ આપી ન શકાય ત્યારની લાચારી એ અતિ વિષમ અનુભવ છે - **જૈન સૂત્ર**

બોધ કથા

રાજકારણમાં સામ-દામ-દંડ-ભેદથી અશક્ય લાગતાં કામ 'ચપટી' વગાડતાં સરળ થઇ જાય, ટીકીટ મળવી, પક્ષ પલ્ટા, મત ખરીદવા, આત્માના અવાજ શાંત કરવા, બધું જ 'પૈસા' દ્વારા શક્ય બને સંપ કરાવવા કે ફાટફૂટ પણ પૈસાથી થઇ શકે -

દક્ષિણની રાણી રઝિયા બેગમના રાજ્ય પર એક મોટી સેનાએ ચઢાઇ કરી. રઝિયાની સેના સંખ્યામાં નાની હતી. છતાં કિલ્લાના દરવાજા બંધ કરી એક તરફ સેનાને તૈયાર રાખી અને તોપગોળાથી મારો ચલાવ્યો.

થોડીવારે સેનાપતિ બેગમ પાસે આવ્યા અને કહ્યું હવે દારૂગોળો પણ ખલાસ થવા આવ્યો છે કિલ્લાના દરવાજા તૂટે એના પહેલાં કંઇક કરવું જોઇએ.

રઝિયાએ સૂચના આપી - આપણી ટંકસાળમાંથી નાના-મોટા સિક્કા લઇ તોપો ભરો અને જેટલો દારૂગોળો વધ્યો છે એનાથી સિક્કાનો મારો દુશ્મન પર કરો - સેનાપતિ કંઇ સમજ્યો નથી. પણ તત્કાલિક સૂચનાનો અમલ કર્યો- સિક્કા ભરેલી તોપો ફૂટી અને દુશ્મન સેના પર સિક્કાનો વરસાદ થવા લાગ્યો.

દુશ્મન સૈનિકો હથિયાર હેઠાં મુકી પૈસા વીણવા લાગ્યા - ને કિલ્લાના દરવાજા ખોલી રઝિયાની સેનાને નિહથ્થા સૈનિકો પર ચઢાઇ કરી - દુશ્મનોને હાંકી કાઢ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

આપણે જે વિચારીએ છીએ, અભિવ્યક્ત કરીએ છીએ, જેનું અનુકરણ તથા અનુસરણ કરીએ છીએ તે તમામ બાબતોમાં આપણી પોતાની મૌલિકતાનું પ્રમાણ ઓછું હોય છે

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

'જીવને ચાવદાદાને, સ્યાત્ પ્રદ્ધાને તતોધિકમ્
ઈન્યેષા પ્રાર્થના અસ્માકમ્, ભગવાન પરિપૂર્ણતામ્'

જીવનમાં અમો જેટલું લઇએ. તેના કરતાં અધિક અમો આપી શકીએ. એ અમારી પ્રાર્થના છે. હે ભગવાન, તે તમો પૂર્ણ કરો.

- સંત સાગર

આપણા સન્માનીય સાહિત્ય દ્વારા રમણલાલ સોનીએ સંત-સાગર ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં વિવિધ સંતોની ઓળખ અને તેઓએ કરેલી પ્રાર્થનાઓ છે. ઉપરોક્ત પ્રાર્થના વિશિષ્ટ પ્રાર્થના ગણાય. કારણ પ્રાર્થનાના સ્વરૂપને પાયામાંથી બદલા નાખતી ક્રાંતિકારી ભાવનાનું તેમાં દર્શન છે. આપણે સામાન્યતઃ તો એવું જ માનતા હોઇએ છીએ કે પ્રાર્થનામાં પરમાત્મા પાસે માગણી મુકવાની હોય. પ્રાર્થના એ માંગણીનો કોઇ દસ્તાવેજ નથી. હું નથી આપણી સ્થિતિ દર્શાવતું આવેદન પત્ર, જે બધું જાણે છે. તેને શું નવું જણાવવાનું છે? પળે પળનું ધ્યાન રાખનારના ધ્યાન પર નવું શું મૂકી શકવાના. સર્વસને જ્ઞાન આપવાની ધૃષ્ટતા નજ કરાય. પ્રાર્થનામાં ભગવાન પાસે કંઇ માગણી કરવી તે મનતો મોટું છે. આપણી પરમ તત્વની શક્તિ પરત્વેની નિષ્ઠામાં ઉણપ દર્શાવનાર સ્થિતિ છે. પ્રાર્થના તો આપણા વ્યક્તિત્વનો જ એક અંશ છે. જે પરમતત્વ સાથે એકતા સાધવા સદૈવ પ્રવાહિત થતો રહે છે. જ્યારે જ્યારે અતિ ઉત્કૃષ્ટ, ભાવ-તરંગો હૃદયમાં જન્મે છે. ત્યારે જ પ્રાર્થનાના સૂરો આંતર ચેતનામાં આવિર્ભાવ પામે છે. જેની શબ્દોમાં કે વાણીમાં ભાગ્યે જ અભિવ્યક્તિ થઇ શકે. માટે જ સૌથીને ઉત્તમ પ્રાર્થના માનવામાં આવે છે. કોઇ પ્રકારનું સમુહગાન કે પરમ તત્વ પરત્વેની જે સામુહિક અભિવ્યક્તિ યોજાય છે તે સાચા સ્વરૂપે પ્રાર્થના નથી. જાહેરમાં કરાતી સર્વ-ધર્મ- પ્રાર્થના આત્મ વંચના છે. પ્રાર્થના તો વૈયક્તિક જ સંભવે કારણ તેમાં વ્યક્તિના આત્માનું વિશ્વાત્મા સાથે અનુસંધાન થાય છે. અને આ કારણો પ્રાર્થનાની કોઇ વ્યાખ્યા થઇ શકતી નથી. તેના શબ્દ સંખ્યા માટે નિયમો નથી. તેમાં શાસ્ત્રીયતા ભાષાનું ખાસ કોઇ પ્રકાશના ભેદ નથી. સાથોસાથ તેની અસરકારક શક્તિની કોઇ મર્યાદા નથી. અંતરના ઊંડાણમાંથી ઉત્પન્ન થતી લાગણીઓ આભની ઊંચાઇ આંબે છે. જો પરમાત્માને વ્યાખ્યામાં બાંધી શકાય તો જ પ્રાર્થનાને પણ વ્યાખ્યાઇત કરી શકાય. વિશ્વ ચૈતન્ય સાથે વ્યક્તિ-ચૈતન્યનું એક થઇ જવું તે તેની સફળતા છે. જ્યારે આ એક્ય પૂર્ણપણે સધાય છે ત્યારે ત્યારે પરમાત્માની તમામ શક્તિઓ વક્તિતમાં ઊતરી આવે છે. પ્રાર્થનાને પદાર્થની પ્રાપ્તિ માટે પ્રયોજવી તે તોપના ધડાકે માખી મારવા જેવું હાસ્યાપદ છે. આ જાણવા છતાં માનવ-સ્વભાવ પ્રમાણે પ્રભુ પાસેથી કંઇક પ્રાપ્ત કરવાની મનિષા આપણે સૌ સેવતા હોઇએ છીએ. ધના વૈભવ તો તુચ્છ ગણાય. પરંતુ ઉચ્ચ-કોટીના સંતો પણ જ્ઞાન-ભક્તિ તથા મોક્ષ માગતા હોય છે. પરમાત્માએ તો આપણા જીવનને જરૂરી તમામ સામગ્રી યથાયોગ્ય પ્રમાણમાં સૌને આપી છે. અતિ સામાન્ય માનવી પાસે પણ કંઇક એવું હોય છે તે તેના જીવન દરમિયાન પ્રાપ્ત થતું હોય. જીવનના લાંબા ગાળા દરમિયાન જુદા જુદા સમયાંતરે ભિન્નભિન્ન વ્યક્તિ દ્વારા, જુદા જુદા સ્વરૂપે આપણે ચોક્કસ કશુંક મેળવતા રહીએ છીએ. આ અંગે જો સભાગતા તથા દૃષ્ટિ- વિવેક ખૂલ્યા હોય ત્યાં પ્રાપ્તિનું મૂલ્ય સમજાય છે. દરેક પ્રાપ્તિને માત્ર આર્થિક મૂલે મુલવવાની નથી હોતી. પ્રકૃતિ પરમાત્મા અને સમાજ સાથે મળી વ્યક્તિને અઢળક આપ્યે છે. જે વિશે આપણે વિચારતા નથી.

અહીંયા આપણી સ્થિતિ એ પ્રભુની કૃપા છે તેવું વિચારવાના બદલે માણસો પ્રાપ્તિને પોતાનું કાર્ય સમજે છે. પોતાના નામ પર ચઢાવવા વધારે મશગુલ બને છે. તેનું મમત્વ જોર પકડે છે. નમમ એ જીવન છે અને મમ એ મૃત્યુ છે તેવું વ્યાસ વાક્ય ભુલાઇ ગયું છે. ભોગવવાની લાયમાં વિનોબાજી કહેતા જેનું તમો સર્જન કો. તદ્દન નવું નીપજાવો એ તમારું ગણાય. નવો વિચાર આપશો તો પણ સમાજમાં ક્રાંતિ પદ જશે.

સમાજ પાસેથી આપણે ઘણું બધું લઇએ છીએ. એ દૃષ્ટિએ આપણે ઋણી છીએ. આપણા ઋષિઓને આ વાતની પ્રતીતિ થઇ હતી તેથી ગૃહસ્થ માટેના પંચયજ્ઞનું વિધાન થયું. સંસારનું ઋણ ફેડવાનું તમામ ગૃહસ્થાને તે દ્વારા સૂચવાયું છે. ભૂતયજ્ઞ એ માનવ સેવા યજ્ઞ છે. આજની પરિભાષામાં બોલીએ તો યજ્ઞ એ સમાજવાદી સમાજ રચનાની વૈદિક પદ્ધતિ છે. સમાજ પાસેથીમેળવેલી સંપત્તિ બમણી કરી સમાજને સોંપવાની એ પ્રક્રિયા છે. વ્યક્તિગત સંપત્તિને સમાજમાં સમાન ભાવે વહેંચવાની અહિંસક પદ્ધતિ એટલે યજ્ઞ.

આપણે જે વિચારીએ છીએ. અભિવ્યક્ત કરીએ છીએ. જેનું અનુકરણ તથા અનુસરણ કરીએ છીએ તે તમામ બાબતોમાં આપણી પોતાની મૌલિકતાનું પ્રમાણ ઓછું હોય છે. જીવનના તમામ ક્ષેત્રોમાં આપણે અન્યની મજબૂરીમાં ફળ ભોગવીએ છીએ. કોઇનું પણ જીવન તદ્દન એકાંગી ચાલી શકતું નથી. સમગ્ર જીવન દરમિયાન ભાવાત્મક લાગણીઓ તથા પ્રેમના ભાવો આપણને ભિંજવતા રહે છે. માતાપિતા પત્ની અને સંતાનોનો પ્રેમ પ્રાપ્ત થાય છે. એ જ પ્રેમભાવનાને આધિક વિસ્તૃત કરી. કુટુંબ મર્યાદાની બહાર વહેંવરાવવી તે જરૂરી છે. એ જ પ્રેમભભાવનાને અધિક વિસ્તૃત કરી. કુટુંબ મર્યાદાની બહાર વહેવરાવવી તે જરૂરી છે. લાગણીના સંબંધે માનવમત જોડાયેલ છે માનવ તરીકે આપણી ફરજ છે કે આપણે સમાજ પરત્વે કૃતઘ્ન ન થઇએ. કૃતઘ્નતા માફીને પાત્ર નથી. આપણે કૃતજ્ઞ થઇએ. જીવન દરમિયા જે મળ્યું છે તેના કરતાં અધિક આપવાની વૃત્તિ કેળવવી એ દાનદૃષ્ટિને કરુણા હોય તેનું ખુલ્લે આમ વહેંચણી કરીએ. આપણે જે કંઇ પ્રાપ્ત કર્યું હોય . ગુરુકૃપાથી જે મળ્યું હોય, વડિલો પાર્જિત ભાગમાં આવ્યું હોય તેના માલિક થઇ ન બેસીએ. આપણા પોતાના શ્રમ તથા પ્રેમથી લવણ ઉમેરી તેને સમાજના ચરણે ધરવા વૃત્તિ તથા દૃષ્ટિ કેળવવીએ. ધૃતરાષ્ટ્રીય વૃત્તિ વ્યક્તિને અંધ બનાવે છે.

જો કે આપવાની વૃત્તિ કેળવવી તે જરા અઘરી વાત છે. તેથી પ્રભુ આપણને તેવી શક્તિ આપે તેમ આ પ્રાર્થનામાં જણાવ્યું છે. પદાર્થોની પકડતાં ધનને વહેતું રાખીએ. જ્ઞાન અભ્યાસ કરાઇ ન જાય તે માટે સતત વધારતા જઇએ તે સાથે વહેંચતા જઇએ. આપણે ત્યાં સામાજિક રિવાજ છે બંને દિકરીના ઘરે જઇએ તો કંઇ આપીને અવાય. ગુરુના ચરણે તથા મંદિરમાં રકતપાણી ન જવાય. ઉદારતા માટેના આ પાયાના સિદ્ધાંતો છે જે આપણાં લોહીમાં વણાઇ જયા છે. સ્વાર્થી થઇ સંગ્રહ જ કરવાથી ક્યારેક બધું ગુમાવવાનો પણ વખત આવે ચાણક્ય કહે છે, જે ઉદાર હાથે દાન કરતો નથી તેનું ધન રાજા, ચોર તથા વૈદ્ય લૂંટી લે છે.

જો આપણે સમાજને ચરણે અધિક ઘટવા ઇચ્છતા હોઇએ તો તે માટે સમર્થ થવું પડે. શક્તિ કેળવવી પડે. શ્રમ કરવો પડે. ને તે વિવેક જાગૃત કરવો પડે દૃષ્ટિને ભાવના વિશાળ બનાવવી પડે. આ માટે પરમાત્માને પ્રાર્થના છે કે તેવી શક્તિ - દૃષ્ટિ ને વિવેકનું અમોને આપ. આપણા કુટુંબો અને કુટુંબ વ્યવસ્થા આ માટેની આદર્શ શાળા છે. માતા-પિતા સૌને જમાડી જમે છે. પ્રેમ આપે છે. તમામ ધર્મશાસ્ત્રો પણ સ્પષ્ટ કહે છે વધારે પડતો પરિગ્રહ ચૌર્ય કર્મ જ છે. તમે જેટલું લ્યો છો તેટલું પાછું વાળો તે તો વ્યવહાર થયો. બે લઇને તે કરતાં અધિક દઇએ એ ઉત્તમ કાર્ય છે.

આ વાત માત્ર ધન-સંચદ્ પુરતી મર્યાદિત નથી ઉદારતા, કરૂણા અને પ્રેમ - ભાવના પુરતા પ્રમાણમાં અભિવ્યક્તિ થવી જોઇએ. તેમાં કંજૂસાઇ ન કરશો. લોકો તમને માન આપે છે તો તમે નાનામાં નાનાંને પણ માન-સન્માન આપો. કોઇનું અપમાન કરશો તો ક્યાંક અપમાન સહન કરવાનો સમય પણ આવશે. જીવન પરમાત્માની અમૂલ્ય ભેટ છે તેને તુચ્છ કાર્યમાં વેડફો નહીં. વાણી મીઠાશભરી રાખો. આનંદથી જીવો સાથે યાદ રાખો કે આપણાં આનંદ મર્યાદિત ન હોય જેટલું અધિક આપશો તેટલા વહેલા ઋણ મુક્ત થશો ને ઋણ મુક્તિ એજ મોક્ષ છે.

નાક બંધ રાખીને વાંચવાનો એક લેખ તમે કેટલી વાસ સહન કરી શકો છો

કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

એનું પણ મન મૂંઝાતું હશે, એય બે ઘડી વિચાર કરતો હશે, એનેય નહીં ગમતું હોય જોવું, એની આંઘળી આંગળીઓ પણ સૂંઘી લેતી હશે, એને કદાચ એનું કામ એટલું વ્હાલું નહીં હોય... પણ તો'ય એ ઊતરે છે માથું ને નાક ફાડી નાંખે એવી ગંધાતી ગટરોમાં, તો'ય એ હાથ ઘાલે છે આખા શહેરની તમારી ને મારી ગંદકી લઇ જતા નાળાઓમાં, તો'ય એ વીણે છે કચરાપેટીનાં ડબ્બામાંથી રોજ સાંજે વાસી થયેલા ફદફદી ગયેલાં સપનાં, તો'ય એ પતરાં અને સાવરણાં વડે રેલ્વેનાં પાટાઓ પર ગંદકી સામે લડે છે... પછી એ ગટરમાંથી બહાર આવે છે અને આપણે એને કહીએ છીએ... સાલ્લો ગંદો છે... એ એનું ઝાડુ મૂકી દે છે ને આપણી પાસે પાણી માંગે ને આપણા ગ્લાસ ગંદા થઇ જાય છે... એ આખા શહેરની ગંદકી સાફ કરે છે ને આપણે એને જ ગંદકી ગણીએ છીએ... એને તો કદાચ અફસોસ કરવા જેટલો'ય હક નથી આપ્યો આપણે... કદાચ! એની આંખોમાં આંખ નાખવાની તાકત નથી આપણી પાસે...!! એમને જોઇને નસીબ અને ભગવાનની વ્યાખ્યાઓ બદલી નથી શક્યા આપણે...!! આપણે તો છે ને, બહુ સુઘડ ને ચોખ્ખા માણસો છીએ, સ્નાન વિના મંદિરે નથી જતાં, બહાર અગરબત્તીને ફૂલો વેચનારા સામે રકઝક કરી ચાર પૈસા બચાવવાનો દંભ છે ને મોલમાંથી ઇનક્વિનિયન્ટ લકઝરી ખરીદવાનો ગર્વ છે, આપણને જૂઠું બી ઇસ્ત્રી ટાઇપ કપડામાં બોલતાં જ ફાવે, આપણને રસ્તાઓ પર થૂંકતા આવડી ગયું છે, આપણને "સબ ભૂમિ ગોપાલ કી"નાં નામે ગમે ત્યાં કચરો ફેંકતા - પેશાબ કરતા આવડી ગયું છે ને છાપાઓમાં ગંદકીનાં અહેવાલો વાંચી ગાળો આપતાં આવડી ગયું છે. આપણને શૌચાલયને દિવાલો ચીતરતા આવડી ગયું છે, આપણને સામ્યવાદને માર્કસવાદને લોકશાહીને એ બધી વાતો કરતાં આવડી ગયું છે... આપણને કોઇ પણ કેસમાં સ્ટ્રીટ ટ્રાયલ ચલાવતાં આવડી ગયું છે... આપણને સારા-ખોટાની ચલાવતાં આવડી ગયું છે... આપણને સારા-ખોટાની વ્યાખ્યા કરતાં આવડી ગયું છે... આપણને, જુઓ ને, મસ્કૂલની દિવાલો પર સ્વચ્છતા ત્યાં પ્રભુતાં" ટાઇપનાં સૂત્રો લખતાં આવડી ગયું છે... આપણને ગંદકી કરીને સ્વચ્છતા પર ભાષણ કરતા આવડી ગયું છે પણ પેલાને સફાઇ કરીને ગંદકી પર ભાષણ કરતા નથી આવડ્યું ને એ એની તકલીફ! પેલાને નથી આવડી એવી ચાલાકી કે હું ઝાડુ મૂકું ને ચપ્પા ઊઠાવું - ઘરન ઉઠાવું - પાર્ટીઓ ઊઠાવું... એ મૂરખ છે સાલ્લો! બેવકૂળ... એને તશું જ ના આવડ્યું!! સાલ્લાને કહેતાં'ય ના આવડ્યું કે ગટરમાં એનો શ્વાસ રૂંધાય છે કેમ કે જ ઓક્સિજનની જ જીવે છે... એ તો એટલું'ય બોલી ના શક્યો... કે તમારા સંડાસમાં તમે તમારી ગંદકી સતત જોઇ નથી શકતા એને મારી આંખો કઇ રીતે જોતી હશે...!! એ ડફોળને તો એટલી'ય નઇ ખબર કે હક્ક કોને કહેવાય...!! એ તો ગાંડો છે... રાત્રે તમારા ઘરની વાસી રોટલી માંગી શકે તે એટલે રોજ સવારે આવી જાય છે તમારી ગરીબોને સાફ કરવા...!!

... તમને નઇ ખૂંચે આ બધું... તમને એની ઘરીબી ગમે છે કેમ કે એ તમને અમીરીનો અહેસાસ આપે છે... તમને રસ છે એને ગંદો રાખવામાં જેથી તમે સમાજમાં ચોખ્ખાઇનું દષ્ટાંત આપી શકો... તમે એને ગટરમાં ઊતરવા દો છો જેથી એનાં પર ન્યૂઝ ચેનલવાળા ડોક્યુમેન્ટરી બનાવી શકે, સરકાર સ્કીમ લોન્ચ કરી શકે ને મારા જેવો કોઇક એની સાપ્તાહિક કોલમ ચલાવી શકે.... તમે થવા દેશો - વીતવા દેશો એના પર બધુ... જેથી તમે માનવ-અધિકારોની વાત કરી શકો... અંગ્રેજી રીપોર્ટ અને ઇન્ટરનેશનલ સર્વે છાપી શકો...

... અને એની પાસે હાથ છે પણ રેખાયો નથી, એની પાસે ગળાં છે ને અવાજો નથી... એ તો બસ ઊઠે છે વહેલો ને ઝાડું પકડીને આવી જાય છે તમારા ઘર આગળ, એ હાઇડ્રોજન-સલ્ફાઇજ કે ઓક્સિજનની મગજમારીમાં પડ્યા વગર કૂદી પડે છે નાગો ખુલ્લી ગટરોમાં, હજી એ ઉપાડે છે ગામની ગંદકી... કેમ કે એ તો એ છે... જેની પાસે ભવિષ્ય નથી છે તો ફક્ત ઇતિહાસ... જેની તીવ્ર વાસ તમારૂં નાક સહન નહીં કરી શકે... કેમ કે એની ગંધ સહન કરવાની ઓકાત અને તાકાત બંને તમારા નાક પાસે નથી... મારામાં પણ નહીં...

● ● ●

સત્યમ્, શિવમ્, અસુંન્દરમ્

● ●

- ch9723367947@yahoo.com

પૈસા એ પમરાટવાળી કળી છે, જેની આસપાસ અસંખ્ય સંસારી ભમરાઓ ગુંજતા જ હોય છે, આપણો સમાજ પૈસાનો પુજારી છે માટે મરતાં સુધી મુડીનું જતન કરવું

ઘડપણ કોણે મોકલ્યું

- નિરંજન ઓઝા

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના પાલણા ગામમાં મગનભાઇ રહે છે તેને નાનું એવું ખેતર છે તેમાં મહેનત કરી જે મળે છે તેમાંથી તેમના કુટુંબનો નિબોહ થાય છે. કુટુંબમાં, પોતે પોતાની પત્ની તથા એક નો એક દીકરો નામે રમણ છે. રમણ નાનપણથી જ ભણવામાં હોંશિયાર છે. તેને આગળ ભણી ખૂબ મોટા માણસ તરીકે જીવનમાં ઊભા રહેવાનું સ્વપ્ન છે. પિતાની આર્થિક સ્થિતિ એવી નથી કે પુત્રને આગળ અભ્યાસ કરાવી શકે, પરંતુ અભ્યાસમાં તેજસ્વી એવા રમણ સ્કોલરશીપ એમ.બી. આગળ અભ્યાસ કરે છે અભ્યાસ પાછળ અડધું ખેતર વેચાયા પછી પુત્ર રમણ, સાયન્સ લાઇનમાં ગ્રેજ્યુએટ થાય છે, રમણને આગળ ભણવાની ઇચ્છા હોવાથી મગનભાઇ બાકીના ખેતરમાં અડધો ભાગ પણ વેચી નાખે છે. ત્યારે પુત્ર રમણ સાયન્સ લાઇનમાં ડબલ ગ્રેજ્યુએટ થાય છે, રમણ હવે શિહોરમાં નાનો એવો દવા બનાવવાનો ધંધો શરૂ કરે છે. બે માણસોનો સ્ટાફ રાખ્યો છે જેમાં એક બજારમાંથી દવા બનાવવામાં આવી હોય તેને માર્કેટમાં વહેંચવાની કામગીરી કરે, રમણ પોતે દવા બનાવે. આમ બે વર્ષ સુધી દવા બનાવવાનો ધંધો ચાલે છે. બજારમાં દવાની માગ પણ ખુબ રહે છે. રમણભાઇ પુખ્યવયના થતાં તેના જેવી સુશીલ, સમજુ તથા સરખા સ્વભાવના રંભાલક્ષ્મી સાથે લગ્ન લેવાય છે. લગ્નના છ મહિનામાં જ રમણભાઇનાં પિતા મગનલાલનું અવસાન થતા, રમણભાઇ વડીલની છત્રછાયા ગુમાવે છે. હવે બધી જ સંસારિક જવાબદારી રમણભાઇ તેમજ તેમના ધર્મપત્ની રંભાલક્ષ્મી ઉપર આવે છે. આ દરમિયાન રમણભાઇને ત્યાં પુત્રની પધરામણી થાય છે, ત્યારબાદ એક પુત્રી તથા બીજા પુત્રને કુટુંબમાં ઉમેરો થાય છે. આ જવાબદારી બંને પતિ-પત્ની સહર્ષ અદા કરે છે. રમણભાઇ પણ ખુબ જ શ્રમ કરીને આગળ આવ્યા હોવાથી, અભ્યાસનું મહત્ત્વ સમજે છે. તેથી પોતાના ત્રણે સંતાનોને શિહોરની સારામાં સારી એવી પ્રદ્યુમન એ.વી. શામાં પ્રવેશ અપાવે છે.

સમયને જતા વાર લાગતી નથી. તે મુજબ રમણભાઇ પોતાના દવાનાં ધંધામાં હવે દસ માણસો કામ કરે છે. રમણભાઇ શિહોરમાં નાનો એવો બંગલો ખરીદે છે. જેમાં નીચેની જગ્યાએ દવા બનાવવામાં આવે છ. જ્યારે ઉપરના ભાગમાં પોતે રહે છે. રમણભાઇ તેમના દવા બનાવવાના ધંધાને પોતાના મોટા પુત્ર કિર્તીના નામે 'કિર્તી વર્ક્સ' નામ આપે છે. તેવી જ રીતે પોતે રહે છે તે બંગલાને પણ 'કિર્તી વર્ક્સ' નામે લે છે. સમયાન્તરે બે દીકરાં તથા દીકરી સારૂં શિક્ષણ મેળવે છે, દીકરી પુખ્યવતની થતાં, તેનું લગ્ન ભાવનગરના સારામાં સારા વિસ્તાર એવા' દેવુ બાગ' માં રહેતાં લક્ષ્મણભાઇના પુત્ર અનિલ કે જે પ્રોફેસર તરીકે કાર્ય કરે છે. તેની સાથે થાય છે. રમણભાઇએ હવે બંને દીકરાઓ માટે વિચારવાનું હોય છે. પરંતુ દીકરીના લગ્ન થયે છ માસ બાદ મોટો દીકરો તેની સાથે કોલેજમાં ભણતી 'નંદિની' સાથે લગ્ન કરવાનું જણાવે છે. જે ઇત્તર જ્ઞાતિની હોવાથી, પહેલાં તો રમણભાઇ - રંભાલક્ષ્મી વિરોધ કરે છે પરંતુ દીકરો મક્કમ હોવાથી, અંતે તેમાં સ્વીકાર કરે છે. અને મોટા દીકરાનું લગ્ન થાય છે, એકાદ વર્ષ પછી બીજા દીકરાને ભાવનગર શહેરમાં એસ.બી.આઇ.માં સર્વીસ માટે ઓફર આવતાં, બીજો દીકરો ભાવનગરમાં સેટલ થાય છે તેણે પણ તેની સાથે સર્વીસ કરતી, ઇતર જ્ઞાતિની છોકરી સાથે લગ્ન કરવાની જીદ પકડતાં, બંને રમણભાઇ રંભાલક્ષ્મીને સ્વીકાર કર્યા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી. બંને દીકરાઓને પોતાની જ્ઞાતિ, મોભાની કક્ષાના ફેમીલીમાં લગ્ન કરાવવાનું રમણભાઇ-રંભાલક્ષ્મીનું સ્વપ્ન રેલાય જાય છે.

જીવન સંસારનો તખ્યો હવે બદલાય છે. પુત્રના લક્ષણ પારણેથી તેમજ વહુનાં લક્ષણ બારણેથી તે અનુસાર સુખી કુટુંબમાં, અન્ય કુટુંબની વ્યક્તિનો પ્રવેશ થતાં જે પ્રશ્નો ઊભા થાય છે તે હવે રમણભાઇ-રંભાલક્ષ્મીના જીવનમાં શરૂ થયા. વાદ-વિવાદ હવે ધીરે ધીરે શરૂ થતા, કેન્સરની માફક પ્રસરે છે જે ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે, પરિણામે નરમ એવા રંભાલક્ષ્મીની તબિયત ઉપર અસર થાય છે. માંદગી તેનો ભરડો લે છે અને એક રાત્રીએ રંભાલક્ષ્મી જીવન સંકેલી લે છે, જીવન રથના એક ચક્ર તુટી જવા છતાં રમણભાઇએ ત્યાર બાદ કુટુંબીક જવાબદારી સ્વીકારી, માર્ગદર્શન તથા એકતાંનો મંત્ર આપતાં 'સહુજન દુબાય અને સહુજન સુખાય' ના મહાન આદર્શ પોતાના કુટુંબને આપ્યો. આમ છતાં મોટી વહુનાં વલણમાં ફેર ન પડતા, વધારો થયો, અવારનવાર રમણભાઇ પોતાનું અપમાન થાય છે તે જાણતા હોવા છતાં શાંત હતા કારણ કે હવે તેમનો સાથ લે તેવા તેમના ધર્મપત્ની તેમની સાથે રહ્યા નથી. પત્નીના ગયા પછી, રમણભાઇ વેપારમાં ઓછું ધ્યાન આપતાં, બાકી તેમની ઉંમર પણ હવે ૫૫ વર્ષ ઉપર થઇ ગઇ હોવાથી તેમજ તેમાં અચાનક પત્નીના જવાના દુઃખે તેમને અશક્ત બનાવી દીધા હતા, એક દિવસ ઝઘડાના ઉગ્ર સ્વરૂપમાં મોટી વહુએ જણાવી દીધું કે તમારૂં 'કિર્તી વર્ક્સ' અમારે નામે છે અને બંગલો પણ 'કિર્તી વર્ક્સ' નામે ખરીધ્યો છે. તેથી આ બંગલો પણ અમારો છે. તમારે રહેવું હોય તો અમે કહીએ તેમ રહો અથવા તમારી વ્યવસ્થા કરી લ્યો.

આ વેણ સાંભળી, અત્યારે રમણભાઇને તેમનાં મિત્ર મહમદ ભાઇની સલાહ યાદ આવે છે. તેમણે કહ્યું હતું કે, પૈસા એ પમરાટવાળી કળી છે, જેની આસપાસ અસંખ્ય સંસારી ભમરાઓ ગુંજતા જ હોય છે. આપણો સમાજ પૈસાનો પુજારી છે માટે મરતાં સુધી મુડીનું જતન કરવું. દીકરા-દીકરીઓને પણ મરતાં પહેલાં મુડી વહેંચવાની ભૂલ ન કરવી, જેથી તમે આ મુડી વહેંચી કે તમારા પોતાના પણ તમારાથી દૂર ભાગશે, તમને હડધૂત કરશે, તમારૂં અપમાન કરશે, તમારૂં જીવન આકરૂં થઇ પડશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)